ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતેના મ્યુઝિયમ, ઇ-લાયબ્રેરી અને મલ્ટીમીડિયાના સંચાલન માટે પાવર સપ્લાય વધારવા અને સબસ્ટેશન માટે રૂમ બનાવવાના ખર્ચ બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૨૦૧૯-૧૮૯૦-ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૧/૨૦૨૦

**વંચાણમાં લીધા:**

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૨/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./મ-૪/૩૦૭/૨૦૧૯-૭૩૩૩-૩૪

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૬/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./મ-૪/૩૦૭/૨૦૧૯-૮૪૨૮-૨૯

**આ મુ ખ :**

નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૦૨/૧૧/૨૦૧૯ના અને ક્રમાંક: (૨) સામેના તા.૦૬/૧૨/૨૦૧૯ના પત્રથી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતેના મ્યુઝિયમ, ઇ-લાયબ્રેરી અને મલ્ટીમીડિયાના સંચાલન માટે પાવર સપ્લાય વધારવા અને સબસ્ટેશન માટે રૂમ બનાવવા અંગેની કામગીરી અત્યંત અગત્યની તેમજ જરૂરીયાતવાળી હોવાથી સદરહુ કામગીરીને ટાળી શકાય તેમ ન હોઇ આ કામગીરી અંગે રજૂ કરેલ અંદાજો મુજબ ખર્ચ કરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ:**

પુખ્ત વિચારણાને અંતે ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતેના મ્યુઝિયમ, ઇ-લાયબ્રેરી અને મલ્ટીમીડિયાના સંચાલન માટે પાવર સપ્લાય વધારવા માટે રૂ.૧૪,૬૬,૫૬૧/-(અંકે રૂપિયા ચૌદ લાખ છાસઠ હજાર પાંચસો એકસઠ)નો ખર્ચ કરવાની અને સબસ્ટેશન માટે રૂમ

બનાવવા માટે રૂ.૧૧,૭૯,૮૦૦/-(અંકે રૂપિયા અગિયાર લાખ ઓગણએંશી હજાર આઠસો)નો ખર્ચ કરવાની યોગ્ય અંદાજપત્રીય રાહ અનુસરવાની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે:

માંગણી નં : ૯૫

મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ

પેટા સદર : ૦૧ અનસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર : ૮૦૦/અન્ય ખર્ચ

પેટા સદર : (૧૦) (SCW-20) ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭/૧૨/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯